# શિક્ષકનું ઘડતર

–મનસુખલાલ રે. દવે

ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી : ૧૫

લોકભારતી પ્રકાશન – સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી – ૧૫

# શિક્ષકનું ઘડતર

લેખક : મનસુખલાલ રે. દવે

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

***************

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

****************

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

સત્ય ગ્રાફિક્સ – ફોન :9428802482

## Contents

### અનુક્રમ

ઉપહાર....................................................................................4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! 5

દિશાસૂચન ..............................................................................7

પ્રથમ સંપર્ક ..............................................................................9

કાર્યપ્રવેશ..............................................................................11

શાળાકાર્ય ..............................................................................13

અધિકારી સાહેબોની મુલાકાતો ................................................16

બદલી....................................................................................19

કેળવણી નિરીક્ષક ..................................................................20


આગળ અભ્યાસ......................................................................22

શિક્ષણ ખોરવાયું......................................................................23

હાઈસ્કૂલમાં ..........................................................................25

શ્રી મનસુખલાલ દવે (પરિચય)................................................27

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ

હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી  સવિતાબહેનના સૌજન્યે) તથા** ***શ્રી ચિરાગભાઈ પટેલ*****ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## દિશાસૂચન

જુલાઈ, ૪૯નો એ સમય હતો. હું મારા વર્ગમાં હિંદી શીખવી રહ્યો હતો. એ સમયે ખાદીના ઝભ્ભા ને લેંઘાધારી એક યુવાને મારા વર્ગના ખંડ પાસે આવી , “મનસુખભાઈ તમે કે ?” એમ પૂછ્યું. મારો હકારનો જવાબ સાંભળી બે મિનિટ બહાર આવવા જણાવ્યું. હું બહાર ગયો. તેઓએ પોતાનો પરિચય આપ્યો, “મારું નામ યશવંત ત્રિવેદી. રચનાત્મક સમિતિ તરફથી રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીના કામ માટે હું જામનગર આવ્યો છું. તમે હિંદીમાં રસ ધરાવો છો ને વર્ગો લો છો તે જાણીને તમને મળવા આવ્યો છું . તમે આ કામમાં મને સહકાર આપી શકશો ?” મેં હા કહી . સાંજના યશવંતભાઈને ઘેર મળવાનું નક્કી થયું. અમે મળ્યા.

તેઓએ મને હિંદી અને હિંદુસ્તાનીના કામનો ફરક સમજાવ્યો. હિંદુસ્તાનીમાં એ સમયે ઉર્દૂ લિપિ ફરજિયાત હતી. મેં તેઓને જણાવ્યું કે હું ઉર્દૂ લિપિ જાણું છું. હું નવાનગર હાઈસ્કૂલમાં ’૪૨માં એ શીખેલ. આથી અમારી દોસ્તી જામી. યશવંતભાઈ મારા હિંદુસ્તાનીના ગુરુ બન્યા. સવારે સાડાપાંચ વાગ્યે તેઓના ઘેર મારો એક વિદ્યાર્થીનો વર્ગ તેઓએ લેવાનું શરૂ કર્યું. છ માસમાં હિન્દુસ્તાનીની ત્રણ પરીક્ષાઓ દૂસરી, તીસરી અને ચોથી પાસ કરી. દિગ્વિજયસિંહજી ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ , જામનગરમાં એ વખતે હિંદી જાણનારા ઓછા શિક્ષકો હોઈ હું પાકિસ્તાનમાંથી આવેલ હતો એટલે હિંદી જાણતો એ દૃષ્ટિએ હિંદી લેવાનું શરૂ કર્યું હતું. પરીક્ષાઓ પણ આપી. હિંદી कोबिद અને હિંદુસ્તાની ચોથી ઉત્તીર્ણ થયો. બૉમ્બે યુનિ.ની મૅટ્રિક્યુલેશન પરીક્ષા મેં ૧૯૪૪માં પસાર કરેલ હતી.

યશવંતભાઈ હિન્દુસ્તાનીના કામની વાત કરીને અટક્યા જ નહિ. એક દિવસ કહ્યું , “આપણે હરિજન છાત્રાલયનું કામ સંભાળીશું ?” તેઓએ સંભાળ્યું. હું પણ આવતો જતોથયો. હરિજન દિન આવ્યો અને મને કહે, “શાળામાં આપણે તેની ઉજવણી ન કરી શકીએ ?” અને અમે દક્ષિણામૂર્તિના ‘છેટાં રે’જો માબાપ’ પુસ્તકમાંથી ફકરાઓ વાંચીને એ એક હજાર વિદ્યાર્થીની શાળામાં પ્રથમ વખત એ દિવસની ઉજવણી કરી.

ત્રણ હરિજન વિદ્યાર્થીઓને શાળાપ્રવેશ આપવામાં આવ્યો. એટલેથી જ ન અટકતાં શ્રી યશવંતભાઈ એક પછી એક નવી પ્રવૃત્તિ બતાવતા જ ગયા. વિદ્યાર્થી પુસ્તકાલય શરૂ થયું. રેંટિયાના વર્ગો શરૂ થયા , વિદ્યાર્થીમંડળની સ્થાપના થઈ. સંસ્થાની આસપાસ ઊભતી રેંકડીઓનો વિદ્યાર્થીઓએ ત્યાગ કરવાનો નિર્ણય કર્યો. કિશોરદળ નામની સંસ્થા સ્થાપીને સાંજે શાળા છૂટ્યા બાદ રમતગમતની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી.

આપણે આપણા શિક્ષકસમાજને બુનિયાદી શિક્ષણમાં રસ લેતો ન કરી શકીએ ? આ શિક્ષણ એટલે શું ? તેની વાત પૂછતાં તેઓએ ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાનો પરિચય આપ્યો. આ સંસ્થામાં શિક્ષક

તૈયાર કરવામાં આવે છે. સેવકો તૈયાર કરવામાં આવે છે. રાષ્ટ્રભાવના જાગૃત કરવામાં આવે છે. આમ અમારામાં જાગૃતિનાં બીજ તેઓએ પ્રવૃત્તિ દ્વારા, મિત્ર બનીને, માર્ગદર્શક થઈને વાવ્યાં. અમે '૪૯માં જ અમારા ચાર મિત્રોને ગ્રામદક્ષિણામૂર્તિમાં અભ્યાસ કરવા માટે મોકલી આપ્યા. આ શિક્ષણ દ્વારા આ જિલ્લામાં કામ કરવાનો સંકલ્પ અમે પાંચ શિક્ષક મિત્રોએ મનોમન કરી લીધો. હું મૅટ્રિક્યુલેટ હોવાથી બીજે વર્ષે '૫૦માં આ સંસ્થામાં જોડાયો. યશવંતભાઈ આટલા સમયમાં તો મને S.T.C.ના વર્ગો જે અમારી શાળામાં જ ચાલતા હતા તેને બદલે આંબલાની સંસ્થામાં અભ્યાસાર્થે જવા તૈયાર કરી શક્યા. પોરબંદર ખાદી કેન્દ્રમાં મોકલીને ખાદીકાર્યથી પરિચિત કરાવી ખાદી પહેરતો કરી દીધો . આમ એક વર્ષના ટૂંકા ગાળામાં તેઓએ મારા માર્ગદર્શક બની મારા મનમાં પડેલી શિક્ષણ અંગેની ભાવનાઓને ગુરુ બની, માર્ગદર્શક બની, દિશાસૂઝ આપી આ દિશામાં વાળી દીધી અને સાચો શિક્ષક વિદ્યાર્થીનો મિત્ર બની કેટલું કામ કરી શકે તે મને પોતાના જીવન દ્વારા તેમણે બતાવી આપ્યું. હું તેઓનો જીવનભરનો ઋણી બની ગયો.

એક દિવસ યશવંતભાઈએ કહ્યું, આપણે તમારા કુટુંબનો પરિચય કરવા ચાલો, હડિયાણા જઈએ. અમે બંને હડિયાણા ગયા. મારા પિતાશ્રી હડિયાણા પ્રા.શાળાના આચાર્ય હતા. ટ્રેઈન્ડ શિક્ષક હતા. શિક્ષણના વ્યવસાયને તેઓ એક પવિત્ર વ્યવસાય માનતા. તેઓનું નામ રેવાશંકર ભીમજી દવે. મારાં માતાનું નામ લલિતાબહેન મણિશંકર. મારા નાના મણિશંકર દવે પણ પ્રા. કન્યાશાળાના આચાર્ય હતા. તેઓએ 'શ્રવણ' નામનું નાટક અને કન્યા ગરબાવળી નામનાં પુસ્તક લખેલાં હતાં જે જામનગર રાજ્યમાં લાઇબ્રેરીપુસ્તક તરીકે માન્ય થયેલ હતાં. મારાં માતાપિતાના આ સંસ્કારને કારણે મને શિક્ષણના વ્યવસાયમાં ખૂબ રસ છે. આ રસને શ્રી યશવંતભાઈએ આધુનિક સ્વરૂપ આપી આ અંગેની તાલીમ લેવા માટે મને આંબલા જવા માટે પ્રેર્યો. આ વખતે મારી ઉંમર ૨૪ વર્ષની હતી.

## પ્રથમ સંપર્ક

અમારી હાઈસ્કૂલમાં એસ.ટી.સી.ના વર્ગો ચાલતા હોવા છતાં એ જ પ્રકારની લાયકાત માટે વતનથી દૂર પત્ની-પુત્ર છોડીને જવાનું કામ આકરું તો હતું પણ કુટુંબની જવાબદારી પિતાશ્રીએ ઉપાડી લીધી એથી આ શક્ય બન્યું. જુલાઈ '૫૦નો આ સમય હતો. પૂ. નાનાભાઈનાં દર્શન કરી ધન્યતા અનુભવી. પ્રધાનપદ છોડીને શિક્ષક બનેલા એ મહાનુભાવને કોઈ પણ પરિચય વિના પ્રથમ દર્શને જ પ્રણામ કરવા મન પ્રેરાયું. એમણે પણ 'આવી ગયા ?' કહી વત્સલતાપૂર્ણ આવકાર આપ્યો. એમણે શીખવેલ સંસ્કૃત અને ગણિત આજેયે ભુલાયાં નથી.

બીજો પરિચય પૂ. મૂળશંકરભાઈનો થયો. તેઓ આંબલાથી પગે ચાલીને સોનગઢ અમારા વર્ગ લેવા આવતા. તેઓ મનોવિજ્ઞાન અને સંગીત લેતા. તેમને જોતાં જ મારા જીવનનાં અનેક વર્ષોની આકાંક્ષાના - સાચા શિક્ષકનાં દર્શન મને થયાં. પ્રસન્ન મુખ પરનું પ્રેમાળ હાસ્ય , તેમની લાગણી, વાત કરવામાં નીતરતો ભાવ, તેઓ જાણે કે યુગો જૂના પરિચિત હોય એવી લાગણી મારા મનમાં જન્મી.

મુ. બુચભાઈ એટલે ઘડિયાળનો કાંટો અને રમૂજની ખાણ. તેમનો હસમુખો સ્વભાવ અને માયાળુપણું મારા શિક્ષકજીવનમાં ખૂબ જ માર્ગદર્શક રહ્યાં છે . પૂ. વિજ્યાબહેનની તબિયત એ અરસામાં સારી નહોતી એટલે પૂ. મનુભાઈનો લાભ અમને ઓછો મળ્યો ; પરંતુ જ્યારે જ્યારે તેઓ આવતા ત્યારે કલાકો સુધી ગ્રીસ-રોમની સંસ્કૃતિની વાતો , તત્કાલીન રાજકારણ , લોકશાહી અને નાગરિક કર્તવ્ય , શિક્ષણની ફરજો વગેરે વિષે જે વાતો કરતા તે જીવનમાં ખૂબ ઉપયોગી થઈ છે.

- સંસ્થાનો અભ્યાસકાળ

પહેલે દિવસે ભોજન સમયે હાથમાં થાળી , વાટકો, લોટો લઈ જમવા જવાનું જરા વિચિત્ર તો લાગ્યું. થોડાં શિક્ષાર્થી ભાઈ-બહેનો પીરસતાં હતાં. હાથમાં ત્રાજવાં પડાવેલાં એક બહેન રોટલા પીરસે. મેં એક મિત્રને પૂછ્યું, "આ બહેન કઈ જ્ઞાતિનાં હશે ?" તેમણે કહ્યું "આહીર." "રસોઈ કોણ બનાવે ?" "એક કોળી બહેન છે ." મારા બ્રાહ્મણ આત્માને જરા ખૂંચ્યું. યશવંતભાઈ યાદ આવ્યા. એમણે સમજાવેલું કે આપણે રાષ્ટ્રને એક બનાવવું છે. નાનાભાઈ ચુસ્ત બ્રાહ્મણ હતા. નથુરામ શર્માના શિષ્ય. તેમને આ એકતાની વાત સાચી લાગી અને આ સંસ્થા જન્મી છે. એ જ હોંશ અને એ જ પ્રેરણાને યાદ કરીને પ્રેમથી અને જાણે કંઈક નવું કરી રહ્યો હોઉં એમ મેં મારું પ્રથમ ભોજન લીધું.

ચોમાસાને કારણે આંબલામાં નિવાસવ્યવસ્થા પૂરતી ન હોવાથી પ્રથમ સત્રમાં અમે સોનગઢ રહેલાં. પૂ. નાનાભાઈની હાજરીમાં પ્રાર્થના અને એ પછી એમની વાર્તાઓ સાંભળવી એ લહાવો હતો.

ઉત્સવો ઊજવવાની પદ્ધતિ પણ ગ્રામદક્ષિણામૂર્તિની આગવી હતી. જન્માષ્ટમીએ અમે સૌ ગૌશાળા સફાઈ માટે આંબલા જતા. લાણી વખતે તો ત્રણ-ચાર દિવસ ત્યાં રહેવાનું થતું અને બપોરના ખેતરે જ ભાત આવતું. અમે કામથી ટેવાયેલા નહીં છતાં ખૂબ તત્પરતા અને પ્રસન્નતાથી કામ કરતાં. એ દિવસોમાં પૂ. રવિશંકર મહારાજ ત્યાં આવેલા. દાતરડું પકડીને અમારા હાથે પડેલા ફોલ્લા અમે એમને દેખાડ્યા અને કહ્યું, "જુઓ, અમે કેટલો શ્રમ કરીએ છીએ !" તેમણે હસતાં હસતાં પોતાની લાક્ષણિક શૈલીમાં કહ્યું , "કામથી હાથમાં ફોલ્લા પડે એ કામ કર્યાની નહીં, પહેલાં કામ ન કર્યાની નિશાની છે !" આ વાક્ય આજ સુધી ભુલાયું નથી. પ્રવાસો પણ અમારા શિક્ષણનો એક ભાગ હતા. પૂ. મૂળશંકરભાઈ સાથે બરડાનો કરેલો પગપાળા પ્રવાસ અમારા જીવનનું એક બહુમૂલ્ય સ્મરણ બની રહ્યો છે.

બીજા સત્રમાં અમારે આંબલામાં સંસ્થાના આંબાવાડિયામાં તંબૂઓમાં રહેવાનું હતું . એ પણ એક અનેરો આનંદ હતો. ભણાવવાની પદ્ધતિ જ એવી હતી કે કોઈને ભણતર ભારરૂપ ન લાગે. વાર્ષિક પરીક્ષાને પણ કંઈક નવો વળાંક આપવાનો પ્રયત્ન સંસ્થાએ કર્યો. એક માસ અગાઉ અમને સ્વાધ્યાય-પ્રશ્નો આપવામાં આવ્યા. ટુકડીઓ પડી. દરેક ટુકડીએ પોતાને ભાગે આવતું ઉદ્યોગકાર્ય , શ્રમકાર્ય અને સ્વાધ્યાય-પુસ્તિકાઓ તૈયાર કરવાની હતી. સંદર્ભગ્રંથોની યાદીઓ તૈયાર થઈ. પુસ્તકાલય ખુલ્લું મુકાયું. સંસ્થાના બધા કાર્યકર્તાઓનું માર્ગદર્શન તો જ્યારે જોઈએ ત્યારે મળતું જ હતું. ભણવા-વાંચવાનો એક નવો જ જુવાળ આવ્યો હોય એમ લાગ્યું. જ્યારે અમે જ અમારું મૂલ્યાંકન કરવા બેઠાં ત્યારે સમગ્ર વર્ષમાં થયું હોય એટલું કામ આ એક માસમાં જ થયું છે એમ અમને લાગ્યું. આમ વાર્ષિક પરીક્ષા-મૂલ્યાંકન પણ હાઉને બદલે અમારે માટે એક મહોત્સવ બની ગયું.

આમ હસતાં, રમતાં, મહેનત કરતાં સમગ્ર જીવન માટે જાણે કે નવું ચૈતન્ય ભરીને સંસ્થામાંથી કાર્યક્ષેત્રમાં ઝંપલાવવા અમે છૂટાં પડ્યાં તા. ૩૦ એપ્રિલ ૧૯૫૧ના રોજ.

## કાર્યપ્રવેશ

સંસ્થામાંથી છૂટા થવાના છેલ્લાં દિવસોમાં સૌરાષ્ટ્ર રાજ્યના ઉપ-શિક્ષણ નિયામક શ્રી પ્ર. ત્રિવેદી સાહેબ સંસ્થામાં આવ્યા અને તેઓએ આપણા રાજ્યમાં નિયત કરેલી શાળાઓમાં જૂથમાં વહેંચાઈ જવાની અને અહીંથી મેળવેલ શિક્ષણને કાર્યાન્વિત કરવાની સરકારશ્રી વતી અપીલ કરી અને કાર્યક્ષેત્ર અને કાર્યકરોની યાદી બનાવી.

પૂ. નાનાભાઈ તથા પૂ. ભાઈએ અમારા હાલારી આંબલા જૂથને ભાવનગર જિલ્લામાં કામ કરવા રોકાવા જણાવ્યું; પરંતુ અમને અમારા પછાત જિલ્લામાં પહોંચી જઈને ત્યાં કામ કરવા ઇચ્છા હતી. તેથી અમે નાના દીવડા બનવાની અમારી ઇચ્છા પૂ. ભાઈ પાસે પ્રદર્શિત કરી. અમારા કાર્યક્ષેત્ર તરીકે જામનગર જિલ્લાના નવાગામ અને ખાવડી બે ગામો સૂચવ્યાં. અમારું - મનસુખભાઈ , અંબાલાલભાઈ, જયંતિભાઈ, નરેશભાઈ , નર્મદાશંકરભાઈ અને બાલકૃષ્ણભાઈ - છ મિત્રોનું જૂથ થયું. દર બે માસે આચાર્ય બદલાઈને બીજો બને અને તેની રાહબરી નીચે સૌએ કામ કરવું ; હાથેથી કાંતેલ ખાદીનાં જ કપડાં પહેરવાં, ટ્યૂશન કે અન્ય આવક ન કરવી; સંસ્થાના કાર્યમાં થતી આવકનું પાંચ વર્ષ સુધી સંયુક્ત ભંડોળ ઊભું કરવું; આ ભંડોળથી આ છ કુટુંબ માટેની ખરીદી વગેરેની મંડળી ચલાવવી ; પાંચ વર્ષ સુધી સાથે રહે તેને જ પાંચ વર્ષ બાદ રકમ ચૂકવવી , દરેક સભ્યનો અભ્યાસ વધે તેવો પ્રયત્ન કરવો , ગ્રામોત્થાનની દૃષ્ટિએ શક્ય તેટલાં કામો શરૂ કરવાં વગેરે નિયમો તૈયાર કરી પૂ. ભાઈને બતાવી, શ્રી પ્ર. ત્રિવેદી સાહેબનું માર્ગદર્શન મેળવી કામ કરવા માટે અમોએ કમર કસી.

- વાસ્તવિકતા :-

જ્યારે અમે નોકરી પર હાજર થવાના હુકમો મેળવ્યા ત્યારે અમારી ઉપરની માગણીને લક્ષમાં લીધા વિના સૌને પોતાની મૂળ જગ્યાના હુકમો આપવામાં આવ્યા. હું માધ્યમિક શાળામાંથી તાલીમમાં ગયો હતો અને આ તાલીમ બુનિયાદીની હતી એટલે મને ગામડાની એક શાળામાં મૂકવામાં આવ્યો. આમ અમને અમારી યોજના છિન્ન-ભિન્ન થતી દેખાઈ. આ બાબતે શ્રી શાળાધિકારી સાહેબની મુલાકાત લીધી. તેઓએ સ્પષ્ટ જણાવ્યું કે તમારી માગણીઓ સ્વીકારી શકાય તેવી નથી. આથી અમે પ્ર. ત્રિવેદી સાહેબનો સંપર્ક સાધ્યો. તેઓ જાતે જામનગર પધાર્યા.. શાળાધિકારી સાહેબની રૂબરૂ અમને બોલાવવામાં આવ્યા. શ્રી શાળાધિકારી સાહેબે શ્રી ત્રિવદી સાહેબને જણાવ્યું કે આ લોકોનાં માગણીનાં ગામ પોસ્ટવાળાં છે, જેના તેઓ હકદાર નથી. આથી લાભ લેવાની દૃષ્ટિએ તેઓની આ માગણી છે. શ્રી ત્રિવેદીસાહેબે અમારા સામું જોયું. અમે જણાવ્યું કે આપ સાહેબે કાર્યક્ષેત્રનાં નામ માગ્યાં એટલે અમે આ નામ આપ્યાં. આ ગામને બદલે જામનગર જિલ્લાનાં કોઈ પણ પછાત બે ગામો ચાર માઈલની અંદર હોય તેવાં શ્રી શાળાધિકારી સાહેબ અમોને આપે તો પણ અમે જવા ખુશી છીએ. આ દરખાસ્તનો સાહેબે એવા શબ્દોમાં

વિરોધ કર્યો કે મારાં સૂચવેલાં ગામોમાં જઈને એ લોકો કામ નહીં કરે અને જણાવશે કે કામ થઈ શકે એવાં ગામ નથી માટે હું ગામનાં નામ સૂચવીશ નહીં.

મારી નિમણૂક ચાંપાબેરાજામાં થયેલ હતી જ. અમે જણાવ્યું કે આ ગામમાં પોસ્ટ નથી. આ ગામ અમને આપો. બાજુનું લાખાબાવળ અથવા કનસુમરા પણ આપો. સાહેબે આ દરખાસ્ત સ્વીકારી. અમારામાંથી ત્રણને ચાંપાબેરાજા, બે ભાઈઓને કનસુમરા અને એક ભાઈને લાખાબાવળમાં મદદનીશ શિક્ષક તરીકે મૂકવામાં આવ્યા. આમ શ્રી ત્રિવદી સાહેબના પ્રયત્નથી અમને પ્રયોગ કરવાનો મોકો મળ્યો. પ્રથમ અવરોધ છતાં સંસ્થાએ શીખવેલી ત્યાગભાવના, વતન છોડીને અન્ય ગામે જવાની તૈયારી અને આર્થિક વિટંબણા સહન કરીને અમે કામ કરવાનું સ્વીકાર્યું.

### શાળાકાર્ય

અમે શાળામાં પ્રવેશ કરીને પહેલું કામ ગામનાં બધાં શાળાએ આવી શકતાં બાળકોને શાળાએ લાવવાનું કર્યું. ૫૦૦ માણસોની વસ્તીના આ ગામમાં અમે ૧૧૦ બાળકોને શાળામાં લાવ્યા. આંગણામાં નાનો બાગ બનાવ્યો. રાત્રિ છાત્રાલય શરૂ કર્યું. રાત્રિશાળા શરૂ કરી. દવાની પેટી વસાવી. ઘેર ઘેર વાલી સંપર્ક માટે ગયા. શાળાની આસપાસ લોકો ગંદકી કરતાં હતાં ત્યાં સફાઈ કરવાનું શરૂ કર્યું. બાળકોને , વડીલોને અમે માનવાચક સંબોધનથી બોલાવવાનું શરૂ કર્યું. નાના મનોરંજન કાર્યક્રમ દ્વારા નિરક્ષરતા , અજ્ઞાન, વહેમ, ભય, દૂર કરવા માટેનો પ્રયત્ન કર્યો.

વહીવટી શાખા અમારા પ્રયોગ પર ચાંપતી નજર રાખી રહી હતી. આસપાસના શિક્ષકો કુતૂહલતાપૂર્વક નિહાળી રહ્યા. ગામલોકો શાળા પર મીટ માંડતા થઈ ગયા. પૂ. નાનાભાઈના દર્શન પ્રમાણે ક્ષણેક્ષણે નવું દર્શન આપે તે નઈ તાલીમનો અમને અનુભવ થઈ રહ્યો હતો. અમે સહુ આનંદથી, મસ્તીથી એક પછી એક કામો કર્યે જતા હતા.

આસપાસના શિક્ષકોને અમારા કામનો પરિચય આપવા માટે અમે શિક્ષકસંમેલનો બોલાવવાનું શરૂ કર્યું. સૌ પોતાનું ટિફિન લઈને આવે. શાળામાં રમતગમત , બાગ , ઉદ્યોગ અને બાળકના ટેવઘડતરની વાતો કરીને છૂટા પડીએ. આમ શિક્ષકોની નજીક આવ્યા. આ સંમેલનમાં કેળવણી નિરીક્ષક સાહેબને આમંત્રણ આપવાનું શરૂ કર્યું અને તેઓને અમારી શાળામાં તથા આસપાસની શાળામાં થતા કાર્યથી વાકેફ કરવાનો પ્રયત્ન કર્યો. પોતાના વિભાગમાં થઈ રહેલ કાર્યથી તેઓ ખુશ થયા. બાળસંમેલન યોજ્યું. ટિફિન લાવવાની પ્રથાથી ખર્ચનો પ્રશ્ન રહેતો ન હતો. અમારી બારણા વગરની , ખુલ્લી ઓસરીવાળી એ શાળામાં બાળકો આનંદથી નાચવા કૂદવા લાગ્યાં. 'શાળા એ જ ઘર' એમ સૌ બાળકોને પ્રતીતિ થવા લાગી. બાળસંમેલન દ્વારા આસપાસનાં ગામનાં બાળકો પણ પરસ્પર પરિચિત થવા લાગ્યાં. આમ સંસ્થાએ સિંચેલ સંસ્કારોનું વિતરણકાર્ય સંસ્થા વતી અમે શરૂ કર્યું.

પંદર ઑગસ્ટ '૫૧નો રાષ્ટ્રીય તહેવાર અમે ત્રણ દિવસનો કાર્યક્રમ ગોઠવી ઊજવ્યો , જેમાં જામનગરથી યશવંતભાઈ ત્રિવેદી પોતાના કિશોરદળ સાથે આવ્યા. અમારા કાર્યથી સંતોષ વ્યક્ત કર્યો ને અમને પ્રોત્સાહિત કર્યા. ગ્રામજનોએ પણ મનોરંજન કાર્યક્રમ, કિશોરદળના કાર્યક્રમો, ધ્વજવંદન વગેરે કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

ગાંધી જયંતી :

ગાંધી જયંતીનો કાર્યક્રમ અમે ગાંધીકુટિર , કાંતણ પ્રવૃત્તિ અને ગાંધીગીતોથી ઊજવ્યો. આ કાર્યક્રમનું ઉદઘાટન કરવા માનનીય શ્રી શાળાધિકારી સાહેબને નિમંત્રણ આપ્યું. તેઓ અમારી શાળાની આ અગાઉ એકવાર ઓચિંતી મુલાકાત લઈ ગયા હતા. તેઓના જણાવ્યા મુજબ તેઓએ પ્રથમ વખત

ખાદીનો ઝભ્ભો-ધોતી પહેરી આ કાર્યક્રમનું ઉદઘાટન કર્યું ને કાર્યથી પ્રસન્નતા વ્યક્ત કરી. નવેમ્બર માસમાં એટલે કે કાર્ય શરૂ કર્યાને પાંચમે મહિને માનનીય ઉપ-શિક્ષણ નિયામક શ્રી. પ્ર. ત્રિવેદી સાહેબે અમારી શાળાની મુલાકાત લીધી. એકથી ચાર ધોરણનાં નાનાં બાળકોની આ શાળા હતી.

આવા પ્રસંગોએ ગામલોકો પણ શાળામાં આવી જતાં. શ્રી ત્રિવેદી સાહેબે બાળકો સાથે પ્રાર્થના , વાર્તાલાપ અને ગામલોકો સાથેની વાતચીતમાં અમારા પાંચ માસના કામનો અંદાજ મેળવી લીધો. આસપાસની શાળાની મુલાકાત લઈને કાર્યની અસર પણ જોઈ. શિક્ષણના સરકારી મુખપત્ર ‘સરસ્વતી’માં અમારા કાર્ય અંગે ડિસે- ૫૧ના અંકમાં માહિતીપ્રદ લેખ લખી શાળાને પરિચિત કરી અને અમને ‘પાંચ પાંડવો’ ઉપનામ આપી દીધું. આ રીતે સંસ્થામાંથી મેળવેલ તાલીમને એક નાના ગામડામાં ચરિતાર્થ કરવાનો અમે પુરુષાર્થ આદર્યો.

- મિત્રની વિદાય :-

અમારા છ મિત્રોના ગ્રૂપમાં પગાર સિવાય અન્ય કામો ન કરવાના હોવાથી સૌને આર્થિક ખેંચ ભોગવવી પડતી હતી. આથી અમારા એક મિત્રે આ જૂથમાંથી છૂટા થવાની ઇચ્છા વ્યક્ત કરી. આથી સૌને થોડું દુઃખ થયું; પરંતુ સૌ ભાઈભાઈ તરીકે જીવતા હોઈ તેઓની મુશ્કેલીથી પરિચિત હતા. સિદ્ધાંત છોડવો કે મિત્ર છોડવો તેની ગડમથલ ઊભી થઈ . અમે છએ જણાએ સાથે બેસી કોઈ પણ જાતના મનદુઃખ વગર મિત્રને પોતાની રીતે વર્તવા માટે મુક્ત કર્યા ને તેઓએ પણ પ્રેમથી આ નિર્ણય સ્વીકાર્યો. મુક્ત થયા બાદ પણ આજીવન તેઓએ સાચા અને સારા શિક્ષક તરીકે કામ કર્યું અને એવૉર્ડ વિજેતા થયા. અમારા માટે એ ગૌરવની વાત છે.

મિત્ર છૂટા થયા બાદ અમારું કાર્યક્ષેત્ર લાખાબાવળ ને ચાંપાબેરાજાની ચાર ધોરણની બે શાળાઓ અને અમે પાંચ ભાઈઓ રહ્યા.

- હરિજન પ્રવૃત્તિ :

શ્રી શાળાધિકારી સાહેબનો અમારા પર ભાવ ખૂબ વધી ગયો હતો. અમારા કામથી તેઓને સંતોષ હતો. તેઓએ લાખાબાવળ શાળાનું સંપૂર્ણ સંચાલન પણ અમોને સોંપી દીધું. બંને શાળાઓમાં અમે આ પ્રવૃત્તિઓને વિકસાવવા લાગ્યા. રાત્રિશાળા પણ બંને ગામોમાં શરૂ કરી. લાખાબાવળમાં ચમારવાસમાં જઈને ત્યાં એક કલાક બેસી બાળકોને સંસ્કાર તથા શિક્ષણ આપવાનું કાર્ય શરૂ કર્યું. ગામલોકોને આ કાર્ય ન ગમ્યું. અમારા મહાજનના છોકરાઓને છોડીને શિક્ષકો હરિજનવાસમાં જાય છે તેવો સૂર સંભળાયો. ગ્રામકક્ષાએ થતો વિરોધ જુદી જુદી રીતે થતો રહ્યો. અમે અમારી પ્રવૃત્તિ જારી જ રાખી. સમય સમયનું કામ કરે છે. તે મુજબ લોકો અમારી આ પ્રવૃત્તિથી ટેવાઈ ગયા. કારણ કે રાત્રી

દરમિયાન સેવા, દવા, મુશ્કેલીમાં મદદનું અમારું કાર્ય ચાલુ જ હતું. આમ પરસ્પર લોકો અને અમે મદદકર્તા થયા.

અમારી આ કર્મભૂમિમાં મુખ્ય વસ્તી જૈનોની હતી. આથી જૈન સંપ્રદાયના રીત-રિવાજો અને ધર્મગ્રંથથી પણ થોડા વાકેફ થયા. લોકોને એ ગમ્યું. પૂજ્ય વિનોબા ભાવેના ભૂદાનકાર્ય માટે સને '૫૩માં વંદનીય સંતબાલજી આ જિલ્લામાં પધાર્યા. અમે તેઓને શાળામાં ઉતારો આપ્યો, સ્વાગત કર્યું. સ્થાનિક જૈન લોકો તથા અન્ય સૌ ગ્રામજનોએ તેઓની વાતો પ્રેમથી સાંભળી. એક દાતાએ જમીન પણ આપી. જામનગરના પૈસાદાર જૈન આગેવાનો તેઓને મળવા આવ્યા. જૈન સાધુથી દાન માગી શકાય નહીં એવી દલીલ કરી તેમની સામે વિરોધ વ્યક્ત કર્યો. તેમણે આ વિરોધ વચ્ચે પોતાની વાત ખૂબ પ્રેમાળ વાણીમાં કડવા શબ્દોને ગળી જઈને આનંદિત મુખમુદ્રા સાથે આ દેશમાં આવી રહેલી ભયંકર હિંસાને રોકવા માટે આટલી છૂટછાટ લીધી છે તે સમજાવ્યું. અહિંસા એટલે શું એનો પાઠ અમોને મળ્યો.

## અધિકારી સાહેબોની મુલાકાતો

એક સાંજના સાત વાગ્યે આવતી ટ્રેનમાં શ્રી શાળાધિકારી સાહેબ ઓચિંતાના આવ્યા. અમારી લાખાબાવળની શાળાનું મકાન જે ખુલ્લી ઓસરીમાં હતું તે ભંગાર હાલતમાં હતું. સાંજે આવી શ્રી સાહેબે જણાવ્યું કે આવતી કાલે સવારે સૌરાષ્ટ્ર રાજ્યના માનનીય શ્રી કેળવણીમંત્રી , શ્રી શિક્ષણ નિયામક સાહેબ, પાંચેય જિલ્લાના શાળાઅધિકારી સાહેબ - આમ શિક્ષણનું સમગ્ર વહીવટી તંત્ર આપણા જિલ્લાની શાળા જોવા માટે આવે છે. તમારી બંને શાળાઓ આપણે બતાવવાની છે; પરંતુ શું કરીશું ? મકાન યોગ્ય નથી. સાધનોની કમી છે . આપણા જિલ્લાનું કાર્ય સારું દેખાય તેવું આપણે સૌએ કરવાનું છે. અમને મળેલ આ પ્રત્સાહનથી અમે સૌ કામ કરવા માટે કટિબદ્ધ થયા. ૧થી ૪ ધોરણનાં એ ભૂલકાંઓ અને અમે સૌ કામે વળગ્યાં. લોકસહકાર મેળવ્યો. સિમેન્ટ મેળવી થાગડથીગડ કર્યું , ચૂનો દીધો. દીવાલ ઉપર નકશાઓ બનાવ્યા. સૂત્રો લખ્યાં. આંગણાના બાગને વ્યવસ્થિત કર્યો. શેરીઓ શણગારી કેળના થાંભલાઓ અને આંબાનાં તોરણોથી રસ્તાઓ શણગાર્યા. રસ્તા પર પાણી છાંટ્યું અને આમ પ્રવૃત્તિમાં ક્યારે સવાર પડી તે ખબર ન રહી. સૌ પોતાની શક્તિમર્યાદા મુજબ કામ કરતાં ગયાં. સવારના ૮ -૩૦ વાગ્યે ગામડામાં ન જોયેલી ધજા ફરફરાવતી મોટર અને અન્ય મોટરો શાળાના આંગણામાં ઊભી રહી. અમે સૌનું સ્વાગત કર્યું. પ્રાર્થનાસભા શરૂ થઈ. ગામલોકોની હાજરીમાં વિદ્યાર્થી ભાઈબહેનો સાથે માનનીય કેળવણીમંત્રીશ્રીએ વાર્તાલાપ શરૂ કર્યો. બાળકોએ ગાયેલ રેંટિયાના ગીતને પકડીને, તમે રેંટિયો જોયો છે ? તમને કાંતતાં આવડે છે ? એવા પ્રશ્નો પૂછ્યા, જેના જવાબો હકારમાં મળ્યા. સામાન્ય જ્ઞાન તપાસતાં ચાર ધોરણની કક્ષાને અનુલક્ષીને માનનીય પ્રધાનશ્રીએ પૂછ્યું, “અમારા સૌમાં મોટું કોણ ?” જવાબ મળ્યો, “તમે.” બાજુના શિક્ષણ નિયામક સાહેબને બતાવીને આ સાહેબ મારા કરતાં ઉંમરમાં મોટા છે એમ કહેતાં બાળકોએ કહ્યું , “આપ કેળવણીપ્રધાન છો. આપનું નામ જાદવજીભાઈ છે ,” “મારાથી કોઈ મોટું ખરું ?” બાળકોએ જણાવ્યું , “હા , સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈ આપનાથી મોટા ગણાય.” આમ વાર્તાલાપ કર્યો. શાળાએ ૪૦ રેંટિયા ભેટ આપવા માટે જણાવ્યું. લોકોએ સ્વીકાર્યું. અમારા શાળાધિકારી સાહેબ પણ સાંજની અને સવારની શાળાનો ફરક જોઈ ખુશ ખુશ થયા. સભા પૂરી થયા બાદ અધિકારીશ્રીઓએ જુદી જુદી તપાસ આદરી. બાળકોનાં દફતર લઈ તેમાં ગાઈડો કે અન્ય પુસ્તકો છે કે કેમ ? પાણીના ગોળામાં શેવાળ છે કે નહીં તે જોયું. વાસણો , ગળણું વગેરે તપાસ્યાં અને બાજુમાં બેસાડી અમારી સાથે ચર્ચા કરી. તેમણે કહ્યું કે અમારે તો બુનિયાદી શિક્ષણમાં કઈ પદ્ધતિએ કામ થાય છે, પ્રત્યક્ષ પાઠ કઈ રીતે આપો છો તે જાણવું હતું. શ્રી જાદવજીભાઈ અને મુ. શ્રી છેલભાઈ આ પ્રશ્નોત્તરી સાંભળી રહ્યા હતા. અમે જવાબ આપ્યો : ગઈ કાલે સાંજે જ આપના આગમનની જાણ થઈ ત્યારથી અત્યાર સુધી અમે સૌએ, બાળકોએ, ગ્રામજનોએ આપના સ્વાગત માટે જે પ્રયત્ન કર્યા છે તે આપ નજરે જોઈ શકો છો. અમારાં બાળકો અને ગ્રામજનોનો ઉલ્લાસ એની સાક્ષી પૂરે છે. એ પ્રસંગને અનુરૂપ આપવામાં આવેલ પાઠને અમે બુનિયાદી શિક્ષણનો પાઠ કહીએ છીએ. માન. પ્રધાનશ્રી તથા છેલભાઈ

સાહેબે અમારી વાતમાં સૂર પુરાવ્યો. અમને ગાડીમાં સાથે લેવામાં આવ્યા અને ગાડીઓ ચાંપાબેરાજા જવા રવાના થઈ. ચાંપાબેરાજાના બાળકો કાંતતાં હતાં. ખાદી પહેરતાં હતાં. અહીંયાં પણ એ જ રીતે સ્વાગત થયા બાદ માનનીય મંત્રીશ્રીએ અમારા કામને જાહેરમાં બિરદાવ્યું અને કહ્યું કે આ શાળાનાં બાળકો ખાદી પહેરતાં થયાં છે તે જાણીને આનંદ થયો. પરંતુ ગામલોકો ખાદી પહેરતા થાય તેવું જો આ શિક્ષકો કરે તો મને ખૂબ આનંદ થશે. આ પ્રસંગ પૂરો થયા બાદ ગામલોકોએ ચા-પાણીનો આગ્રહ કર્યો. ચા પીવાની ના કહેતાં દૂધનો આગ્રહ કર્યો. તેમણે છાશ લેવાનું સ્વીકાર્યું. ગામડાના એક લોક-આગેવાને બે હાથ પહોળા કરી શ્રી જાદવજીભાઈને ઊભા રાખ્યા, "અમારી એક અરજ સાંભળશો ? તમે ગામલોકોને ખાદી પહેરાવવા જણાવ્યું તો આ શિક્ષકભાઈઓ અમને ખાદી પહેરાવશે ખરા પરંતુ આપ સાહેબની સાથે આ મોટા સાહેબ આવેલા છે તેમને આપ ક્યારે ખાદી પહેરાવશો ?" માન. મંત્રીશ્રી હસી પડ્યા. શિક્ષણનિયામક સાહેબને બોલાવ્યા. આ ભાઈને તમે જવાબ આપો. ગ્રામજનોની ચાલાકી પર સૌ ખુશ થયા અને હસ્યા. સંસ્થા તરફથી મળેલ આત્મબળને કારણે અમે આ એક વહીવટી પરીક્ષામાંથી બાળકો અને ગ્રામજનો સાથે પસાર થયા અને જીવનને ધન્ય માન્યું. માનનીય શ્રી જાદવજીભાઈ તથા મુ. શ્રી છેલભાઈ ઓઝા સાહેબના પ્રેમ ને આત્મીયતાને કારણે અમે સૌ કાર્યકર ભાઈઓ ગદગદિત થયા.

ઉપરોક્ત પ્રસંગ બાદ ગામલોકોનો સહકાર પણ વધ્યો. સ્થાનિક આગેવાનોએ ખૂબ રસ લઈ શાળાનું મકાન મેઘજી પેથરાજ ટ્રસ્ટ તરફથી નાણાં મેળવીને ઊભું કર્યું . સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈ ને હસ્તે ઉદઘાટન કાર્યક્રમ રખાયો. નવા મકાનના ચોગાનમાં અમારા રાત્રિશાળાના વિદ્યાર્થીઓએ શ્રમયજ્ઞ કરી એક માઈલ દૂરથી તળાવની માટી લાવી એ પથરીલી જમીનને બાગાયત જમીનમાં ફેરવી નાખી. કંપાઉન્ડના અન્ય ભાગમાં નાટકનું સ્ટેજ અને રમતગમતનું મેદાન બનાવ્યું. શાળાના મકાનને સૂત્રોથી સુશોભિત કર્યું . શાળામાં પુસ્તકાલય , વાંચનાલય, દૈનિક પ્રવૃત્તિ , ઉત્સવો, મનોરંજન, રમત-સ્પર્ધા , વાલીઓની રમત-સ્પર્ધાથી શાળા ધમધમી ઊઠી. સમગ્ર જિલ્લાનું શિક્ષકસંમેલન નાયબ શિક્ષણ નિયામકશ્રી પ્ર. ત્રિવદી સાહેબના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યું. બુનિયાદી શિક્ષણનો વ્યાપ કેમ વધારવો તે અંગે વિચારણા થઈ.

અમારા આ કામથી શ્રી યશવંતભાઈ ત્રિવેદી વાકેફ રહેતા હતા , માર્ગદર્શન આપતા હતા ને પૂ. મનુભાઈને પરિચિત રાખતા હતા. પૂ. મનુભાઈ પણ જામનગર પધારે ત્યારે સ્થાનિક આગેવાનો સાથે અમારો પરિચય કરાવતા હતા. અમોને પણ રાષ્ટ્રિય કામમાં રસ લેતા કરતા હતા.

પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ પણ અમારું આમંત્રણ સ્વીકારી અમારી શાળા જોવા માટે આવ્યા. શિક્ષક સંમેલનને સંબોધન કર્યું. શિક્ષકોના મનમાં બુનિયાદી શિક્ષણ અંગેના પડેલા પ્રશ્નોને સમજાવ્યા. આંબલા લોકશાળાના વિદ્યાર્થીઓ દ્વારકાના પ્રવાસે જતાં થોડો સમય રોકાયા. જામનગર તથા અલિયાબાડાની

શાળાઓ મુલાકાતે આવી. અમારા કાર્યક્રમમાં ભાગ લીધો. આમ અમારી શાળા દિનપ્રતિદિન પ્રગતિ કરતી ગઈ. સને '૫૪માં તે સાત ધોરણની શાળા બની ગઈ. ચાંપાબેરાજા શાળાનું કાર્ય અમારે છોડવું પડ્યું અને લાખાબાવળની શાળા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એક દંપતીએ ચાંપાબેરાજા શાળાનું કાર્ય ઉપાડી લીધું અને જાળવી રાખ્યું.

અમારી શિક્ષક મંડળીમાંથી એક મિત્ર તો કાર્યારંભના થોડા વખત પછી તરત છૂટા થયેલા. સને '૫૪માં અમારા બે મિત્રો-અંબાલાલભાઈ તથા જયંતિભાઈને લોકભારતીમાં અભ્યાસ માટે પ્રવેશ મળ્યો. તેઓને અમારા જૂથ તરફથી સઘળા હક્ક-હિસ્સા આપવામાં આવ્યા

### બદલી

બુનિયાદી શિક્ષણનો વ્યાપ વધારવાના હેતુ સાથે જામનગર જિલ્લાનું એક શિક્ષકસંમેલન મળેલું. બધા નિરીક્ષકો અને અન્ય અધિકારીઓ તેમાં હાજર હતા. ત્યાં અમારામાંથી બે જણને ધ્રોળ તાલુકામાં બદલવાનો નિર્ણય થયો. એ બદલી તો અમે બંધ રખાવી , પણ ડિસે . '૫૪માં અલિયાબાડા સિનિયર લોકશાળાના આચાર્યશ્રીની માંગણીથી મને ત્યાં બદલ્યો. આથી લાખાબાવળના કામમાં ઓટ આવી. આઠ માસ કામ કર્યા પછી મને અલિયાબાડાથી પાછો લાખાબાવળ ફેરવ્યો. ફરી એ શાળા પાછી વ્યવસ્થિત કરી.

ઑગસ્ટ '૫૬માં શાળા બોર્ડની રચના થઈ. નિરીક્ષકોની ભરતી કરવાની હતી. મેં શિક્ષણાધિકારીશ્રીને જણાવ્યું કે આ જગ્યા માટે હું હકદાર છું. પણ મને આ શાળામાં જ એ ગ્રેડ સાથે રખાય તો હું નિરીક્ષક પદ જતું કરવા તૈયાર છું. પણ સરકારી ખાતાના નિયમોમાં આવો અવકાશ ન હતો એટલે કમને અમારે અમારા શિક્ષક મંડળનું કામ બંધ કરવાનો નિર્ણય કરવો પડ્યો. અમારા મંડળને પાંચ વરસ થઈ ગયાં હતાં. અમે સૌએ મળીને નક્કી કર્યું કે સરકારી નિયમો પ્રમાણે અમને જ્યાં મૂકે ત્યાં જવું અને નિષ્ઠાથી કામ કરવું. પરસ્પરના સંપર્કમાં રહી બુનિયાદી શિક્ષણનો વ્યાપ વધારવો. આ નિર્ણય મુજબ મેં નિરીક્ષકની જગ્યા પર અરજી કરી અને મારા બીજા શિક્ષક મિત્રો જેઓ તાલુકાશાળાના આચાર્ય થવા હકદાર હતા તેઓ ત્યાં અરજદાર થયા.

## કેળવણી નિરીક્ષક

તાલુકાશાળાના આચાર્યોમાંથી કેળવણી નિરીક્ષકની જગ્યાઓ ભરવાની હતી. મેં તાલુકાશાળાના આચાર્ય માટેની સિલેક્શનની પરીક્ષા પસાર કરેલ હતી. સિલેક્શન ગ્રેડ મૅટ્રિકના ગ્રેડ કરતાં ઓછો હોવાથી હું તે જગ્યા પર ગયો ન હતો. નિરીક્ષકના ઇન્ટરવ્યૂ વખતે આ ઇન્ટરવ્યૂ કૉલ મને મળતાં મેં તેમાં હાજરી આપી. મને પૂછવામાં આવ્યું, "તમને બુનિયાદી શાળાનું કામ છોડી નિરીક્ષક થવાની ઇચ્છા શા માટે થઈ ?" મેં જણાવ્યું કે, "પાંચ વર્ષ સુધી એક શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું છે, આ કામ પચાસ શાળામાં ફેલાવવાની તક મળતી હોય તો તે લેવી જોઈએ એટલા માટે હું નિરીક્ષકની જગ્યા મળે તો જવા ખુશી છું. નિરીક્ષક હોઈએ કે શિક્ષક - અમારું કામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો પ્રેમ સંપાદન કરવો ને લાગણી આપવી એ છે." સમિતિએ મારી પસંદગી કરી અને જોડિયા વિભાગના નિરીક્ષક તરીકે મારી નિમણૂક થઈ.

જૂના અનુભવી આચાર્યો અને શાળાબૉર્ડના સભ્યોના વિરોધ વચ્ચે મારે આ કામ સંભાળવાનું હતું. અમે સંસ્થામાંથી મળેલ પ્રેરણા દ્વારા શિક્ષકોમાં મમત્વ અને કાર્યપ્રેમ ઊભો કરવાનો પ્રયત્ન શરૂ કર્યો. અમારા અધ્યક્ષ પૂજ્ય ડોલરભાઈના માર્ગદર્શન અને શિક્ષણાધિકારી શ્રી સતીશભાઈની હૂંફથી હૂં મારું કામ કરતો ગયો . જોડિયા વિભાગના શિક્ષક ભાઈબહેનોએ શિક્ષણમાં આ કાર્ય ખૂબ પ્રેમ અને નિષ્ઠાથી ઉપાડી લીધું. શાળામાં પ્રાર્થનાસભા, પર્યટનો, રમતગમત, વિદ્યાર્થીમંડળો, બાગ, શાળાને વાડ, ડંકી, કાંતણઉદ્યોગ , સુવિચારલેખન અને રાત્રિશાળાની પ્રવૃત્તિઓ ધમધમી ઊઠી. સમગ્ર તાલુકાના ગામડા–ગામડા વચ્ચે, શાળા–શાળા વચ્ચે હરીફાઈ જાગી ઊઠી. મારી દરેક મુલાકાતે દરેક શિક્ષક 'હવે પછી શું ?' ની માંગ કરતા રહ્યા.

પૂજ્ય ડોલરભાઈ તથા મુ. શ્રી સતીશભાઈએ અમારા તાલુકાના દૂરના એક ગામ આમરણમાં જો શિક્ષક સંમેલન યોજવામાં આવે તો હાજરી આપવાની સંમતિ દર્શાવી. પરંતુ તેઓએ જણાવ્યું કે સંમેલન પહેલાં અમે શાળાઓની મુલાકાત લઈશું. કાર્યક્રમ ગોઠવાયો. તાલુકામાં બધા શિક્ષકોને આ સંદેશો પહોંચતો કરવામાં આવ્યો. દિવાળીના તહેવારોમાં જેમ ઉત્સાહ ફેલાઈ જાય તેમ સમગ્ર તાલુકામાં ઉત્સાહનું વાતાવરણ ફેલાઈ ગયું. આ તાલુકામાં વાહન-વ્યવહારની ઓછી સગવડ હોઈ , તેમ જ ત્રણ મોટી નદીઓ આવેલ હોઈ શિક્ષણાધિકારી સાહેબની ભાગ્યે જ મુલાકાત થતી. તેને બદલે પ્રમુખશ્રી , શિક્ષણાધિકારીશ્રી, બોર્ડના સૌ સભ્યો , બધા જ નિરીક્ષક સાહેબો અને તાલુકાના સમગ્ર શિક્ષકોના સંમેલનની વાત અમારા તાલુકા માટે આનંદ અને ઉત્સવનો પ્રસંગ હતો. શિક્ષક ભાઈ-બહેનોએ વિદ્યાર્થી તથા ગામના સહકારથી શાળાઓને રંગરોગાન કર્યાં , સુવિચારો લખ્યા , ચાર્ટ્સ બનાવવામાં આવ્યા. પ્રવૃત્તિઓથી શાળાઓ ધમધમી ઊઠી.

સંમેલનના દિવસો નજીક આવ્યા. વંદનીય શ્રી ડોલરભાઈ , માનનીયશ્રી કેશુભાઈ , મુ. શ્રી સતીશભાઈ, શિક્ષણાધિકારી સાહેબ જોડિયા પધાર્યા . ત્રણ દિવસના કાર્યક્રમમાં પંચાવન શાળાઓમાંથી ૨૫-૩૦ શાળાઓ જોઈ લેવાનો નિરધાર હતો. મારી પાસેથી દરરોજ સાંજે શાળાનું લિસ્ટ લેવામાં આવતું અને મોટરમાં બેસી શાળાઓ જોવા નીકળી પડ્યા , પરંતુ મોટરમાં બેસતી વખતે મને એક લિસ્ટ આપવામાં આવતું જેમાં કઈ કઈ શાળાઓની મુલાકાત લેવાની છે તેની યાદી કરતાં તદ્દન જુદી રહેતી. બધી જ શાળાના શિક્ષકો ને વિદ્યાર્થીઓ આ દિવસો દરમિયાન મહેમાનોના સ્વાગત માટે તૈયાર રહેતા. શાળા સુશોભન, આંબાનાં તોરણો, સુવિચાર, પ્રાર્થનાસભા અને બાળકોનો ઉત્સાહ, શાળાની સ્વછતા અને સફાઈ અનેરાં હતાં. મુરબ્બીઓ સૌ એક પછી એક શાળાઓ જોતા ગયા. બાળકો ને શિક્ષકોનાં કાર્યો અને ઉત્સાહ જોઈ રાજી થયા . ત્રીજે દિવસે શનિવાર હતો. સંમેલનનો દિવસ હતો. ૧૨-૦ વાગે પહોંચવાનું હતું. આમરણ આસપાસના પ્રદેશોમાં રસ્તાઓ સારા ન હતા. મોટરમાં ફરવાનું હતું. શિક્ષકોએ પગે ચાલીને આમરણ પહોંચવાનું હતું. આ દિવસે એક શિક્ષકવાળી શાળાના ખૂબ જ અંદર આવેલાં નાનાં નાનાં ગામડાંઓનું એક લિસ્ટ આપવામાં આવ્યું; પરંતુ શિક્ષક મિત્રોએ એ જ ઉત્સાહ અને ધગશથી કામ ચાલુ રાખ્યું. ઊંટબેટ શામપર નામના એક ગામમાં અમે ૧૧ વાગે પહોંચ્યા. આ ગામમાં મોટર એક કુતૂહલ હતું. શાળા બંધ હતી. મોટર જોઈને દફતર સાથે વિદ્યાર્થીઓ મોટરને ઘેરી વળ્યા. આથી શાળા ૧૧ વાગ્યા સુધી ચાલુ હતી તેની ખાતરી થઈ . બાળકો સાથે મુરબ્બીઓએ વાત શરૂ કરી , શાળા ક્યારે બંધ થઈ ? શિક્ષક છે કે ગયા ? બાળકોએ જણાવ્યું, '૧૧ વાગે શાળા બંધ કરી તુરત જ સાહેબ આમરણ જવા નીકળ્યા છે.' ચાવી છે ? બાળકો પાસે શાળાની ચાવી હતી. શાળા ખૂલી. એમને કહેવામાં આવ્યું કે, પ્રાર્થનામાં બેસી જાઓ.' બાળકો ગોઠવાઈ ગયાં. પ્રાર્થના કરી. પૂજ્ય ડોલરભાઈએ પૂછ્યું , 'અમારામાંથી કોઈને ઓળખો છો ?" બાળકોએ કહ્યું , 'હા, મનસુખભાઈને.' "કેવી રીતે ઓળખો ?" બાળકો કહે , "તેઓ અહીં અહીં આવે છે, અમને દરિયાના પર્યટને લઈ ગયા હતા અને અમે ત્યાં રમતો રમ્યા હતા." "શિક્ષક ગામમાં રહે છે ?" બાળકોએ હા પાડી. શાળાનું સુશોભન, ચાર્ટ્સ, કમ્પાઉન્ડ જોઈ, શિક્ષકવિહીન શાળામાં પણ વ્યવસ્થિત કામ જોઈ આમરણ શિક્ષક સંમેલનમાં હાજરી આપવા અમે ગયા. આમ સમગ્ર તાલુકાનું ચિત્ર મેળવ્યા બાદ શ્રી શિક્ષણાધિકારી સાહેબે એક પ્રશ્ન પૂછ્યો , 'આપણે જે આ જોયું તે પૂર્વયોજિત નથી લાગતું ?' મેં જણાવ્યું, "જરૂર પૂર્વયોજિત છે. અમારો આ ઉત્સવ અમારી પંચાવનેય શાળામાં છે. યોગ્ય પ્રસંગે યોગ્ય તૈયારી કરવી એને અમે સમવાયી શિક્ષણ માનીએ છીએ. આપ સૌને બતાવવા માટે થોડી નિયત શાળાઓ તૈયાર કરવામાં આવી હોય તો તે યોગ્ય ન ગણાય ; પરંતુ અમારું શિક્ષણકાર્ય જ અમે કર્યું છે." શ્રી ડોલરભાઈએ પણ પોતાના પ્રવચનમાં સંતોષ વ્યક્ત કર્યો અને ગામડે ગામડે એક સંસ્કારી શિક્ષક બેસી જાય તો દેશમાં કાયાકલ્પ થાય એમ જણાવ્યું. આમ સંસ્થાએ રાખેલી અપેક્ષા મુજબ અમે અમારી પચાસ શાળાઓમાં બુનિયાદી શિક્ષણનો વ્યાપ વધારવાનો પ્રયત્ન કર્યો.

### આગળ અભ્યાસ

ઉપરોક્ત સમયગાળા દરમિયાન મેં એમ. એ. સુધીનો અભ્યાસ પૂરો કર્યો. બી. એડ્ કરવા માટે માંગરોળ જી. બી. ટી. સી.માં તાલીમ લેવા જવાનું વિચાર્યું. શિક્ષણાધિકારી શ્રી સતીશભાઈએ ૧૯૬૧-૬૨ના વર્ષ માટે મને ડેપ્યુટ કરી ફરી તાલીમ માટે મોકલ્યો. આંબલા અધ્યાપન મંદિરની નવ માસની તાલીમના સમયની જેમ આ સમય પણ માણવા મળ્યો. અનુભવે સંસ્થાની તાલીમ અને સરકારી સંસ્થાની તાલીમનો ફરક સમજાયો. આદરણીય શ્રી મહેતા સાહેબ સરકારી સંસ્થા પ્રિન્સિપાલ હોવા છતાં તેઓની કર્તવ્યપરાયણતા, ક્રિયાશીલતા, અભ્યાસુ વૃત્તિ, યોગસાધના અને આચાર્ય તરીકેની કાર્યનિષ્ઠાએ જીવનમાં ઉતારવાના સદગુણોનો સાક્ષાત્કાર થયો. સંસ્થાના વાતાવરણમાં દસ વર્ષે ફરી વિદ્યાર્થી તરીકે જીવવાનો લહાવો મળ્યો. સફાઈ અને શ્રમકાર્ય , મનોરંજન અને ઉત્સવો , બાગકામ અને પર્યટનો ; પ્રાયોગિક શિક્ષણ અને સતત શિક્ષણની પ્રવૃત્તિઓમાં હું ફરી મગ્ન થયો. સતત શિક્ષણ માટે આંબલા લોકશાળામાં જવાનું થયું. એક અઠવાડિયું એ પૂર્વ પરિચિત આંબવાડિયું , એ વાડી , એ રસ્તાઓ જોવા મળ્યા. ભૂતકાળ તાદૃશ્ય થયો. તાલીમ પૂરી કરીને ફરી નિરીક્ષક તરીકે જોડાયો. શિક્ષકોનું મમત્વ અને વિદ્યાર્થીઓની મળેલ લાગણી , મળેલ જ્ઞાનનો ઉપયોગ અને તેનો ફેલાવો , શાળામાં થતા સત્કાર્યને વિસ્તારવા અને અન્ય જગ્યાએ તે થતું થાય તે કરવા લિથો દ્વારા 'કેડી' નામનું માસિક શરૂ કરી શાળાઓના કાર્યના અહેવાલો આપવાનું શરૂ કર્યું. તે અહેવાલો દ્વારા શાળાઓમાં કાર્યસ્પર્ધા જામી.

### શિક્ષણ ખોરવાયું

એપ્રિલ '૬૬માં પંચાયતરાજનો જન્મ થયો અને શિક્ષણનો પતનયુગ આરંભાયો. રાષ્ટ્રીયતા , કાર્યનો ઉત્સાહ, કાર્યના મમત્વની જગ્યાએ લાચારી, ચાપલૂસી અને પદાધિકારીઓ અને અધિકારીઓની ખુશામતનો યુગ શરૂ થયો. જે બ્લૉક ડેવલપમેન્ટ ઓફિસરો શિક્ષણ અને રચનાત્મક કામ માટે ગામડે ગામડે ઉત્સાહ જાગ્રત કરતા હતા તેઓ વહીવટી અધિકારી બનતાં સત્તાધારી બન્યા. વિકાસ અધિકારી અને શાસનાધિકારી વચ્ચે સત્તા માટે સંઘર્ષ શરૂ થયો. પંચાયત ઍક્ટ અને નિયમોમાં નવા નવા સુધારાઓ થતા ગયા. શિક્ષણ સમિતિની સ્વતંત્રતા ઝૂંટવાઈ. શિક્ષકો અને અધિકારીઓ કામને બદલે ખુશામત કરતા થયા. આ પરિસ્થિતિમાં કામ કરવાનું મુશ્કેલ થયું ; પણ પરિસ્થિતિનો સામનો કરવાનું અને ધૈર્યનું ભાથું અમને સંસ્થામાંથી મળેલું જ હતું. સંઘર્ષ અને મુશ્કેલી હોવા છતાં કાર્યનિષ્ઠા અને શિક્ષકોને પ્રોત્સાહનો આપવાનું જાળવી રાખ્યું.

મારી બદલી ભાણવડ વિસ્તારમાં થઈ ત્યારે એ વિસ્તારના શિક્ષકો વિરોધ સાથે રજા પર હતા. એકાદ શિક્ષક શાસનાધિકારી પર હુમલો કરવાને કારણે સસ્પેન્ડ હતા . હું બધે ફર્યો. શિક્ષકોને મળ્યો. તેમની મુશ્કેલીઓનો અભ્યાસ કરી તેમના મિત્ર બની તેમને હૂંફ આપી કાર્યરત બનાવવાનું શરૂ કર્યું. બધા શિક્ષકો કામ પર ચડી ગયા . સહકારને કારણે વહીવટી પ્રશ્નો ઘટ્યા . આ સમય દરમિયાન માન. શિક્ષણમંત્રીશ્રી ઘૂમલીની મુલાકાતે પધાર્યા. ઘૂમલીની શાળામાં વિવિધ નકશાઓ અને ચાર્ટ્સ તૈયાર કરાવી તેમને બરડાનો પરિચય કરાવ્યો. તેઓ કામથી ખુશ થયા. શિક્ષકમિત્રો પણ કામની કદરથી સંતુષ્ટ થયા. આ સમય દરમ્યાન એમ. એડ્.નો અભ્યાસ ચાલુ હતો. પોરબંદરની આર. જી. ટી. કૉલેજના માન. શ્રી પારેખ તથા શ્રી મણિયાર સાહેબના પરિચયમાં આવ્યો. પોતાને ઘેર જમાડી , રોકીને, રાતે જાગીને નિઃસ્વાર્થ રીતે લઘુ નિબંધોમાં મદદ કરનાર, અભ્યાસમાં માર્ગદર્શન આપનાર, સરકારી કર્મચારી હોવા છતાં ચોવીસ કલાક કામ કરવાની તમન્નાવાળા પ્રાધ્યાપકોને જોઈને જીવનમાં ધન્યતા અનુભવી . એમ. એ; એમ. એડ્. થયા પછી તથા પંચાયતીરાજમાં સલામ કરવાની અણઆવડતને કારણે તેમાંથી છૂટવાની ઇચ્છા જાગી. એમ. એડ્.માં આંકડાશાસ્ત્ર અને વ્યાવસાયિક માર્ગદર્શનનો વિષય હતો. જિલ્લા વ્યાવસાયિક માર્ગદર્શક અધિકારીની જગ્યા માટે અરજી કરી. ઇન્ટરવ્યૂ તો સામાન્ય હતો, પણ હું 'બેઝિક ટ્રેન્ડ' છું એ જાણીને ઇન્ટરવ્યૂ કમિટિના એક સભ્યે પૂછ્યું , "આંબલા ગામ પર ગ્રામદક્ષિણામૂર્તિની શી અસર છે ?" એટલે મેં કહ્યું, "પંદર વરસ પહેલાં એ સંસ્થામાં મેં નવ માસ અભ્યાસ કર્યો છે. ત્યાર બાદ અનેક કૉલેજમાં બી. એ., એમ. એ., એમ. એડ્. થયો. આપ પૂછો છો તો જણાવું કે મને જીવનનું શિક્ષણ આ સંસ્થા અને એના કાર્યકરોએ જેટલું આપ્યું છે તેટલું અન્ય કોઈ સ્થળેથી મળ્યું નથી. એક વિદ્યાર્થી પર આટલા ટૂંકા ગાળામાં આટલી જીવનભરની અસર ઊભી કરનાર સંસ્થાનું માપ તેના વિદ્યાર્થીના જીવન પરથી મપાય કે ગામ પરની તેની અસર પરથી ?" મારા જવાબમાં થોડી ઉગ્રતા હતી. જવાબને કારણે

પસંદ થવાની કોઈ અપેક્ષા ન હતી. પણ હું પસંદ થયો અને ભૂજમાં ઑક્ટોબર '૬૭માં મને નિમણૂક મળી. અન્ય ખાતું, કાર્ય પ્રણાલીની બદલી, કાર્યક્ષેત્ર અને સ્થળ બદલ્યું એટલે જરા મુશ્કેલી લાગી. પણ કામનો અભ્યાસ કરી લીધો. રોજગાર વિનિમય બેકાર લોકોને મદદ કરવાનું અને માર્ગદર્શન આપવાનું એક શુભ કામ છે તેમ શરૂઆતમાં લાગ્યું. શાળાઓનો જીવ હોવાથી માધ્યમિક શાળાઓમાં માર્ગદર્શન માટે જવાનું રાખ્યું અને શિક્ષણનો સંપર્ક જાળવી રાખ્યો - રસ હતો જ. કામમાં ઊંડા ઊતરતાં જાણવા મળ્યું કે આમાં પણ ખૂબ જાગ્રત રહેવાની જરૂર છે. સાચા અને પ્રામાણિક ઉમેદવારનાં નામ ઇન્ટરવ્યૂ માટે જાય એ જોવું જરૂરી છે. આથી જાગૃતિ કેળવી નિયમ મુજબ કામ કરવાનું શરૂ કર્યું. પણ આથી નામ માગનાર અન્ય કચેરી અને અધિકારીઓ સાથે થોડી બોલાચાલી થવા લાગી. ભૂજથી મારી બદલી રાજકોટ અને ત્યાંથી જામનગર થઈ. એક વાર ઇન્સ્પેક્ક્ષન માટે આવેલ અધિકારીએ મિલિટરી નેવીની કૅન્ટીનમાં એમની સાથે આવવા જણાવ્યું. એમણે સિનેમાની ટિકિટ રિઝર્વ કરવાનું સૂચવ્યું. આ બન્નેની મેં ના પાડી. તેઓ ગુસ્સે થયા. મને કહ્યું કે, "તમે જિલ્લા કક્ષાના, અધિકારી થયા છતાં ખાદી નહીં છોડો ? જુનવાણી વિચાર નહીં ત્યાગો ? થોડા આધુનિક બનો. આપણા ખાતામાં કોઈ ખાદી પહેરતું નથી ." મેં એમને જણાવ્યું, "સાહેબ, અમારા ગુરુઓએ ચારિત્ર્યઘડતરના જે પાઠો શીખવ્યા છે તે ભૂલી શકાય એમ નથી. આપની ઇચ્છા મુજબની આપણા ખાતાની ખાણી-પીણી અને રહેણીની વ્યવસ્થામાં હું ગોઠવાઈ શકીશ નહીં, એ છૂટશે એ પહેલાં ખાતું છૂટશે." એમણે મારો "સી. આર." બગાડ્યો. હું નિયામકશ્રી પાસે ગયો. દર માસે બહાર પડતા સમગ્ર રાજ્યના રિપોર્ટને આધારે આંકડા ટાંકીને મારા જિલ્લાનું કામ ઘણું સારું છે એ સમજાવ્યું. દિલ્હીના માર્ગદર્શન બ્યૂરો તરફથી થયેલ ઇન્સ્પેક્શન રિપોર્ટ જેમાં સમગ્ર રાજ્યમાં મારા જિલ્લાનું કામ સારું છે એમ દર્શાવ્યું હતું. નિયામકશ્રી આ માહિતીથી ખુશ થયા. વહીવટી તાલીમ શાળાઓમાં અધિકારીઓની લેવાતી પરીક્ષામાં હું પ્રથમ આવ્યો. સરકારશ્રીએ ઇનામ આપ્યું. "સી. આર." અંગે ચિંતા ન કરવા નિયામકશ્રીએ મને આશ્વાસન આપ્યું. પણ મારું મન ઊઠી ગયું હતું. અન્યને વ્યવસાયનું માર્ગદર્શન આપનાર હું જ પોતાના મનગમતા રસના વ્યવસાયમાં ગોઠવાયેલો ન હોઉં એ કેવું વિચિત્ર ! મેં આ કામ છોડવાનો નિર્ણય કરી લીધો. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન તરફથી શિક્ષણ ખાતાની બીજા વર્ગની જગ્યાની જાહેરાત આવી. મેં ઇન્ટરવ્યૂ આપ્યો અને હું પસંદ થયો. મને ધ્રોળની સરકારી હાઈસ્કૂલના આચાર્ય તરીકે મૂક્યો. જિલ્લા કક્ષાના અધિકારીની જગ્યા છોડી એક શાળાના આચાર્ય જેવી નાની જગ્યા પર ન જવા મને શુભેચ્છકોએ સમજાવ્યો. આજની શાળાઓમાં શિસ્ત , વિદ્યાર્થીઓનો વ્યવહાર, ખાતામાં શાળાની કિંમત , લોકોમાં શિક્ષણ વિષે ઉપેક્ષા આ બધી વાતો મને સમજાવી પણ મારું મન તો વિદ્યાર્થીઓ વચ્ચે કૂદી પડી તેમનામાં એકરસ થઈ શિક્ષકોના સહકારથી એક સંસ્થા જાગ્રત કરવા ઉત્સુક હતું. હું તા. ૨૬-૦૭-૭૩ના ધ્રોળની એ હાઈસ્કૂલના આચાર્ય તરીકે પહોંચી ગયો.

### હાઈસ્કૂલમાં

શાળામાં પ્રવેશ કરતાં પ્રથમ દિવસે જ ધો. ૧૧ના વર્ગમાં જઈ ચડ્યો. અશિસ્તનાં દર્શન થયાં. આ તૈયારી સાથે જ પ્રવેશ કરેલો હતો એટલે વિદ્યાર્થી ધ્યાનમાં આવી ગયો. તેને કહ્યું , "ઊભા થાઓ ; આપનું નામ કહો, આપના પિતાશ્રી શું કરે છે તે જણાવો." તે હાઈસ્કૂલના એક શિક્ષકનો પુત્ર હતો. તેને સમજાવવામાં આવ્યો. આ શાળા આપણી છે. આપણાથી આમ ન વર્તાય. અને વિદ્યાર્થી સમુદાયમાં તેની વાતો અને અસર ફેલાવા લાગી. દરબાર બોર્ડિંગના વિદ્યાર્થીઓ શિસ્ત જાળવતા નથી એમ શિક્ષકોએ ફરિયાદ કરી. ગૃહપતિને મળ્યો. ટ્રસ્ટીશ્રી ધ્રોળ ઠાકોરસાહેબને મળ્યો. આ અમારી શાળા છે. આપની શાળા છે. બાળકોને અભ્યાસ કરતા કરવા છે. સહકારની જરૂર છે. તેમણે બોર્ડિંગના વિદ્યાર્થીઓને તાકીદ કરી. આથી શાળામાં આ બોર્ડિંગના વિદ્યાર્થીઓની શિસ્તમાં ઘણો સુધારો થયો. શિક્ષકો પણ શાળામાં શિસ્ત ઊભી થતાં મસ્તી અને ખંતથી કામ કરવા લાગ્યા. વિદ્યાર્થીઓને ભણવાની શિક્ષકોને ભણાવવાની જે એક ભૂખ હતી તે જાગૃત થઈ. સૌ કામે ચડી ગયા. આચાર્ય તરીકે કામ કરનારને બિરદાવવાનું , વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવાનું , સાધનો પૂરાં પાડવાનું , શિક્ષકોની આત્મશક્તિ જાગૃત કરવાનું અને મમત્વ કેળવવાનું કામ અને 'મારી શાળા'ની ભાવના જાગૃત કરવાનું કામ મેં ઉપાડી લીધું. પ્રાર્થના બેસીને કરવાનું શરૂ થયું. સમગ્ર શાળામાં શિસ્ત દેખાવા લાગી. વર્ગોનું કાર્ય વ્યવસ્થિત થવા લાગ્યું.

નવનિર્માણનો સમય આવ્યો. આ શાળા રાજકોટ અને જામનગર વચ્ચે આવેલી હોઈ બંને ગામમાં થતી પ્રવૃત્તિઓના સમાચાર અર્ધી અર્ધી કલાકે આવતી બસો દ્વારા મળ્યા કરે. પરંતુ વિદ્યાર્થીઓ તથા સ્ટાફનું શાળા પરનું મમત્વ જાગૃત થઈ શક્યું હતું એટલે લોકનેતાઓ આવે તોય વિદ્યાર્થીઓ શાળા છોડે ખરા પણ શાળાને કોઈ પ્રકારનું નુકશાન કરવામાં ન આવ્યું , જે અમારા સૌની શાળા તરફથી મમતાનું પ્રતીક હતું. શાળામાં સંખ્યા વધવા લાગી. સ્ટાફ વધ્યો. આસપાસની શાળાઓમાંથી વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. શાળામાં અન્ય પરીક્ષાઓ અને અન્ય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લેવા લાગ્યા. જિલ્લા અને રાજ્ય કક્ષાએ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં જવા લાગ્યા . આમ અભ્યાસનું વાતાવરણ જામ્યું. ઉચ્ચ માધ્યમિક શાળા તરીકે સરકારે આ સંસ્થાને માન્ય કરી. સામાન્ય તથા વિજ્ઞાનના બંને પ્રવાહો મંજૂર કરવામાં આવ્યા. પુસ્તકાલય ને પ્રયોગશાળા વિકસાવવામાં આવ્યાં. એસ. એસ . સી. પરીક્ષામાં વિદ્યાર્થીઓ તૈયાર થવા લાગ્યા. જે ઇચ્છાથી આ જગ્યા પર આવવાનું પસંદ કર્યું હતું તે સફળ થતાં સંતોષ થયો. સિનિયોરિટીના ક્રમમાં મારો નંબર આવતાં ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી તરીકે વર્ગ-૧માં મને બઢતી મળી. મારી બદલી કરવામાં આવી. ફરી પંચાયત રાજ્યમાં જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. દ્વિધા જન્મી. વહીવટ કરવાનો હતો. વિદ્યાર્થીઓથી છૂટા પડવાનું હતું , રસનું કામ છોડવાનું હતું . આમ બઢતીની લાલચે જવાનું થયું. ભાવનગર જિલ્લો એ મારી તીર્થભૂમિ છે. એની ધૂળમાં ઘૂમવાનું મળશે એ એક લાલચ હતી. પૂજ્ય ભાઈનાં તથા પૂજ્ય હંસાબેનનાં દર્શન થયાં. પૂજ્ય બાનાં દર્શન થયાં.

પૂ. બુચભાઈ મળ્યા. ભરતભાઈ મળ્યા. મારા માર્ગદર્શક યશવંતભાઈના ઘેર જવાનું થયું. સણોસરાની સંસ્થા જોઈ. સોનગઢ અને શિહોરની એ ભૂમિ ફરી ઘૂમવાનું મળ્યું. જૂના સાથીઓ પણ મળ્યા. પંચાયતના કામમાં ગોઠવાઈ જવાનું મારા માટે સહેલું ન હતું. સંપર્કમાં આવેલ શિક્ષક નિયામક સાહેબને બે વખત મળવાનું થયું. અધ્યાપન મંદિર , ધ્રોળમાં મને જગ્યા આપવામાં આવે તો હું આ જગ્યા જતી કરવા તૈયાર છું તેવી વિનંતી કરી. તેઓએ આ વસ્તુ સ્વીકારી અને ફરીથી વિદ્યાર્થીઓની વચ્ચે તા. ૨-૮-૭૯ના રોજ હું અધ્યાપન મંદિર - ધ્રોળમાં હાજર થઈ ગયો.

૫૦-૫૧ના અધ્યાપનના તાલીમાર્થી તરીકે પૂ. ભાઈને આચાર્ય તરીકે જે રીતે જીવતા જોયા હતા તે પાઠ ભજવવાનો, અંતરની ઇચ્છાઓ પૂર્ણ કરવાનો , વિદ્યાર્થીઓ અને સ્ટાફનો પ્રેમ સંપાદન કરવાનો , ભાવિ શાળાઓને કાર્યરત કરવાનો શુભ અવસર બાવન વર્ષની ઉંમરે મળ્યો. એ કામની ઝંખના અનેક વર્ષો થયાં હતી. સંસ્થાના કાર્યને સ્ટાફના સહકારથી ગોઠવવાનું શરૂ કર્યું. તાલીમાર્થીઓને પ્રાર્થનાસભામાં નિયમિત આવતા , ભજન-ધૂન કરતા ને કાર્યક્રમોમાં હોંશથી ભાગ લેતા કરવાનું શરૂ કર્યું. સંસ્થાના કમ્પાઉન્ડને શ્રમ દ્વારા , બિનજરૂરી ખડ કાઢી નાખી , આવળ, બાવળ, કેરડાને સાફ કરી સ્વચ્છ મેદાન બનાવવામાં આવ્યું. આ મેદાનમાં રમતગમતના પ્લાન તૈયાર કરવામાં આવ્યા. આસોપાલવ , સરૂ , વટવૃક્ષો, લીમડા વાવીને બગીચાનું આયોજન કરવામાં આવ્યું. રસ્તાઓ બનાવવામાં આવ્યા. છાત્રાલયમાં પ્રાર્થના, સફાઈ, દૈનિક કાર્યો નિયત સમયે શરૂ કરવામાં આવ્યાં. પુસ્તકાલય , વાચનાલય, સંચયિકા, પોસ્ટ ઑફિસ , ઉદ્યોગકાર્ય , શૈક્ષણિક સાધનોની વ્યવસ્થા વગેરેની જવાબદારી વિદ્યાર્થીઓ ઉઠાવવા લાગ્યા. આબુ , અંબાજી , સોમનાથ , તુલસીશ્યામ સતાધાર તથા જૂનાગઢ અને દર બે માસે નાનાં પર્યટનો યોજવાનું શરૂ કર્યું. યુવક મહોત્સવમાં તાલીમાર્થીઓ પ્રથમ આવવા લાગ્યા. પૂરક પરીક્ષાઓમાં ભાગ લેવા લાગ્યા. દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો. સવારના ૫-૩૦ વાગે સમગ્ર ગામમાં સંભળાય તે રીતે ભજન-ધૂનનો કાર્યક્રમ થવા લાગ્યો. શિક્ષણ નિયામકશ્રીએ અમદાવાદથી પધારી બે વખત આ સંસ્થાની મુલાકાત લીધી ને કાર્યથી સંતોષ વ્યક્ત કર્યો.

આજે પંચાવન વર્ષની ઉંમરે શ્રી યશવંતભાઈ , પૂ. નાનાભાઈ, પૂ. મૂળશંકરભાઈ અને અન્ય સૌ તરફથી મળેલ જીવનઘડતરના ભાથાનો ઉપયોગ કરી સંતોષપૂર્વક અને કાર્યનિષ્ઠાથી તથા પ્રામાણિકતાથી જીવન વ્યવહાર ચલાવી શકાયો છે એનો મનમાં આનંદ છે.

## શ્રી મનસુખલાલ દવે (પરિચય)

શ્રી મનસુખલાલ રેવાશંકર દવેનો જન્મ તા. ૧૧-૫-૧૯૨૭ના જામનગર પાસે અલિયાબાડા ગામમાં થયેલો. પિતા અને નાના શિક્ષક અને બ્રાહ્મણ સંસ્કારના , એટલે મૅટ્રિક થઈને પોતે પણ જામનગરની સરકારી ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. પણ વિદ્યાર્થીઓના જીવનમાં એકરસ કરનારી સાચી કેળવણીની ઝંખનાને કારણે તેઓ ગ્રામદક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિરમાં તાલીમ લેવા પ્રેરાયા. ૧૯૫૧-૫૨માં ગ્રામદક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિરમાં ઉત્તીર્ણ થઈ એમના પાંચ મિત્રો સાથે મળી લાખાબાવળ , ચાંપાબેરાજા અને કમસુમરાની પ્રાથમિકશાળાને બુનિયાદી ઢબે ચલાવી. એ વખતના સૌરાષ્ટ્ર રાજ્યના શિક્ષણ ઉપનિયામક શ્રી. પ્ર. ત્રિવેદીના શબ્દોમાં 'પાંચ પાંડવો' તરીકે ઓળખાયા. શિક્ષણ ખાતામાં સરકારી નોકરી સાથે અભ્યાસ કરી તેઓ એમ. એ. , એમ. એડ્., હિંદુસ્તાની સેવક, હિન્દી કોવિદ વગેરે શૈક્ષણિક ઉપાધિઓ મેળવતા ગયા. પ્રાથમિકશાળાના શિક્ષકમાંથી તાલુકા કેળવણી નિરીક્ષક , જિલ્લા વ્યાવસાયિક માર્ગદર્શક અધિકારી, હાઈસ્કૂલના આચાર્ય અને છેલ્લે ધ્રોળના સરકારી અધ્યાપન મંદિરના આચાર્ય તરીકે કામ કરે છે. પણ આ જુદી જુદી કામગીરીઓમાં પણ એમનું લક્ષ્ય વિદ્યાર્થીઓને સમજી એમનામાં પડેલા સત્ અને શુભનું સમાજના મંગલ કાજે વિતરણ કરવું એ રહ્યું છે.

શ્રી. મંજુલાબેન સાથે એમનું લગ્ન થયું છે. એમને ત્રણ બાળકો છે